# દિલ્હીમાં ચુંટણી પ્રચારનો અંત

નવી દિલ્હી,તા. ૫

દિલ્હીમાં વિધાનસભાની ચુંટણી માટે હાઈપ્રોફાઈલ અને હાઈવોલ્ટેજ પ્રચારનો આજે અંત આવી ગયો હતો. આની સાથે જ હવે સાતમી ફેબ્રુઆરીના દિવસે મતદાન માટેનો તખ્તો ગોઠવાઈ ચુક્યો છે. દિલ્હીમાં આ વખતે ભાજપ અને એએપી વચ્ચે ગળાકાપ સ્પર્ધા દેખાઈ રહી છે. દિલ્હીમાં કોણ સરકાર બનાવશે તે અંગે સસ્પેન્સનો અંત ૧૦મી ફેબ્રુઆરીના દિવસે આવશે. દિલ્હીમાં વર્ષ ૨૦૧૩માં યોજાયેલી ચુંટણીમાં કોઈને પણ બહુમતી મળી નહતી. આ ચુંટણીમાં ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી હતી અને તેને ૩૨ બેઠકો મળી હતી. જોકે, બહુમતીના આંકડાથી તે સહેજમાં પાછળ રહી હતી. સરકાર બનાવવામાં નિષ્ફળ રહી હતી. જેના કારણે લેફ્ટી ગવર્નર નજીબ જંગે ભાજપ બાદ બીજા નંબરની પાર્ટી રહેલી એએપીને સરકાર બનાવવા આમંત્રણ આપ્યું હતું. ૨૮મી ડિસેમ્બર ૨૦૧૩ના દિવસે એએપીએ કોંગ્રેસના બહારના સમર્થન સાથે સરકારની રચના કરી હતી. શીલા દીક્ષિતને ચુંટણીમાં હાર આપનાર અરવિંદ કેજરીવાલ દિલ્હીના મુખ્યમંત્રી બન્યા હતા. જોકે, ૧૪મી ફેબ્રુઆરી ૨૦૧૪ના દિવસે ૪૯ દિવસ સુધી શાસન કર્યા બાદ કેજરીવાલે તેમના હોદ્દાથી રાજીનામું આપ્યું હતું. જનલોકપાલ બિલને લઈને કેજરીવાલે રાજીનામું આપ્યું હતું. ત્યારબાદ દિલ્હીમાં આશરે ૧ વર્ષ સુધી રાષ્ટ્રપતિ શાસન રહ્યું હતું. ૪ નવેમ્બર ૨૦૧૪ના દિવસે નજીબ જંગે દિલ્હી વિધાનસભાને વિખેરી નાંખવા અને નવેસરથી ચુંટણીની ભલામણ કરી હતી. ૧૨મી જાન્યુઆરી ૨૦૧૫ના દિવસે ચુંટણીપંચે વિધાનસભા ચુંટણી કાર્યક્રમની જાહેરાત કરી હતી. છેલ્લી ચુંટણીમાં ભાજપને ૩૧, એએપીને ૨૮ અને કોંગ્રેસને ૮ બેઠકો મળી હતી. પરંતુ આ વખતની ચુંટણી વધુ રોમાંચક બની રહે તેવી શક્યતા છે. આજે ચુંટણી પ્રચારના છેલ્લા દિવસે ભાજપે તમામ ૭૦ વિધાનસભા બેઠકમાં ઝંઝાવતી પ્રચાર કરીને તમામ મતદાર સુધી પહોંચવાના પ્રયાસ કર્યા હતા. બીજીબાજુ એએપી અને કોંગ્રેસે પણ તમામ તાકત લગાવી દીધી હતી. ચુંટણીપંચના જણાવ્યા મુજબ, દિલ્હીમાં કુલ ૭૦ બેઠકો પર ૧.૩ કરોડ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા ઈચ્છુક છે. કુલ પોલીંગ સ્ટેશનની સંખ્યા ૧૧૭૬૩ રહી છે. નોટાનો પણ ઉપયોગ કરવામાં આવશે. તમામ ઈવીએમમાં આ વિકલ્પ રહેશે.







## દિલ્હીમાં ૧૨મી ફેબ્રુઆરીએ ચુંટણી પ્રક્રિયા પરિપૂર્ણ કરાશે

નવી દિલ્હી,તા. ૫

દિલ્હી વિધાનસભાની ચુંટણી શાંતિપૂર્ણ અને સાનુકુળ માહોલમાં યોજાય તે માટે તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. ચુંટણીપંચ દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવી ચુક્યા છે. કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે પણ પગલા લેવામાં આવ્યા છે. ઈવીએમ સાથે કોઈ ચેડા ન થાય તે માટે પણ પગલા લેવાયા છે. સમગ્ર દિલ્હીમાં તમામ ૭૦ બેઠકો ઉપર ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન મારફતે મતદાન થશે. નોટાનો વિકલ્પ પણ રાખવામાં આવ્યો છે.

ઉમેદવાર પસંદ નથી તેવી સ્થિતિમાં નોટાનો ઉપયોગ કરવામાં આવી શકે છે. ચુંટણીપંચે જાન્યુઆરી મહિનામાં ચુંટણી કાર્યક્રમની જાહેરાત કરી હતી. ત્યારબાદથી ચુંટણી પ્રચાર પ્રક્રિયા ચરમસીમા પર હતી. ચુંટણી પ્રક્રિયાને ૧૨મી ફેબ્રુઆરી ૨૦૧૫ના દિવસે પૂર્ણ કરવામાં આવનાર છે. ચુંટણી પહેલા દિલ્હીમાં એક વર્ષ સુધી રાષ્ટ્રપતિ શાસન રહ્યું છે. ચોથી નવેમ્બર ૨૦૧૪ના દિવસે દિલ્હીના લેફ્ટી ગવર્નર નજીબજંગે વિધાનસભાને વિખેરી નાંખવા અને નવેસરથી ચુંટણીની ભલામણ કરી હતી.

## સેમસંગને પછડાટ આપીને માઈક્રોમેક્સ પ્રથમ ક્રમ પર

નવી દિલ્હી,તા. ૫

લો કોસ્ટ મોબાઈલ હેન્ડસેટ બનાવતી કંપની માઈક્રોમેક્સ સેમસંગને પછડાટ આપીને ઓક્ટોબર-ડિસેમ્બરમાં પ્રથમ સ્થાને પહોંચી ગઈ છે. નવા સર્વેમાં આ મુજબની બાબત સપાટી પર આવી છે. રિસર્ચ કંપની દ્વારા કરવામાં આવેલા સર્વેમાં જાણવા મળ્યું છે કે, માઈક્રોમેક્સની સ્થિતિ ખૂબ શાનદાર રહી છે. પરંતુ કોરીયન મહાકાય કંપની પણ પાછળ રહી નથી. રિસર્ચ કંપની કેનાલીસના જણાવ્યા મુજબ માઈક્રોમેક્સ ઓક્ટોબર-ડિસેમ્બર ૨૦૧૪માં ત્રિમાસિક ગાળામાં ૨૨ ટકાની હિસ્સેદારી સાથે પ્રથમ સ્થાને રહી છે. જ્યારે સેમસંગ આ ગાળામાં ૩૦ ટકાની માર્કેટ હિસ્સેદારી સાથે બીજા સ્થાને છે. માઈક્રોમેક્સ તેના સ્પર્ધકોની સરખામણીમાં વધારે સફળ છે. કાર્બન, લાવા સહિતની અન્ય કંપનીઓ પણ બજારમાં ટકી રહેવા માટે સતત પ્રયત્નશીલ રહી છે. તાજેતરના સમયમાં બીજી વખત ભારતીય મોબાઈલ ફોન માર્કેટમાં સેમસંગની લીડરશીપ સામે પ્રશ્ન ઉભા થયા છે. ગયા વર્ષે ઓગસ્ટ મહિનામાં પણ એવું જાણવા મળ્યું હતું કે, માઈક્રોમેક્સ પ્રથમ ક્રમાંકે પહોંચી ગઈ છે. માઈક્રોમેક્સ ભારતીય મોબાઈલ બજારમાં ઉલ્લેખનીય સફળતા મેળવી ચુકી છે. બીજીબાજુ સેમસંગ ઈન્ડિયા માટે માર્કેટિંગ અધિકારીઓનું કહેવું છે કે, તેની સ્થિતિ બિલકુલ નબળી થઈ નથી. સેમસંગ તેની માર્કેટ હિસ્સેદારીને જાળવી રાખવામાં સફળ રહી છે. સંપૂર્ણ વર્ષ દરમિયાન સેમસંગની ભારતીય માર્કેટ હિસ્સેદારી ૩૫.૭ ટકાની આસપાસ રહી છે. માઈક્રોમેક્સે ઓક્ટોબર-ડિસેમ્બર ૨૦૧૪માં ૪.૬ મિલીયન યુનિટની નિકાસ કરી હતી. જ્યારે સેમસંગે આ ગાળા દરમિયાન ૪.૪ મિલીયન યુનિટનું વેચાણ કર્યું છે.




## રાજીનામુ આપવાનો જીતન રામ માંઝીનો સાફ ઈનકાર

પટના, તા. ૫

બિહારના મુખ્યમંત્રી તરીકે રાજીનામું આપવા જીતનરામ માંઝીએ ઈનકાર કર્યો છે. પરંતુ બિહાર સરકારને લઈને કોઈ ખેંચતાણ હોવાનો ઈન્કાર કર્યો છે. મુખ્યમંત્રી તરીકે નિતિશકુમારની વાપસી થઈ શકે છે તેવા અહેવાલ આવી રહ્યા છે ત્યારે માંઝીએ આ મુજબની પ્રતિક્રિયા આપીને તમામને ચોંકાવી દીધા છે. માંઝીએ મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપવાનો ઈન્કાર કર્યો છે. તેમની હકાલપટ્ટી કરવા પાર્ટી લીડરશીપને અપીલ કરવામાં આવી છે. મોટાભાગના જેડીયુના ધારાસભ્યો નિતિશની તરફેણ કરી રહ્યા છે. માંઝીની હકાલપટ્ટીની માંગ ઉઠી રહી છે. વિધાનસભાની ચુંટણી ન યોજાય ત્યાં સુધી મુખ્યમંત્રી તરીકે નિતિશને જારી રાખવાની માંગ ઉઠી રહી છે. આરજેડીના નેતા લાલુ યાદવે પણ કહ્યું છે કે, સુચિત જનતા પરિવારના મર્જર પહેલા નિતિશકુમારને મુખ્યમંત્રી તરીકે જાળવી રાખવામાં આવે તે જરૂરી છે. બીજીબાજુ નિતિશકુમારે માંઝીની હકાલપટ્ટી કરવાનો ઈન્કાર કર્યો છે. મિડીયા અહેવાલોને નિતિશકુમારે રદીયો આપ્યો છે. બિહાર વિધાનસભાની ચુંટણી યોજાનાર છે. ત્યારે જેડીયુના ધારાસભ્યોમાં પણ ગણતરીનો દોર ચાલી રહ્યો છે.



## દિલ્હી ચૂંટણી : પાંચ નવા પોલ પૈકી કુલ ચારમાં ભાજપને લીડ

નવી દિલ્હી,તા. ૫

દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે મતદાન યોજાય તેના દિવસો પહેલા જ રોજ નવા નવા પોલના તારણો જારી કરવામાં આવી રહ્યા છે. પાંચ ઓપિનિયન પોલમાં દિલ્હીમાં એએપીને ભાજપ કરતા આગળ દર્શાવ્યા બાદ હવે અન્ય પાંચ પોલમાં ભાજપને લીડ આપવામાં આવી છે. જેથી સ્પર્ધા તીવ્ર રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે.ચાર સર્વેમાં આગાહી કરવામાં આવી છે કે ભાજપ સ્પષ્ટ બહુમતિ મેળવી જશે. ઈન્ડિયા ટીવી-સી વોટર, ધ વીક- આઈએમબીઆર, આઈબીએન-૭-ડેટા મિનેરિયા તેમજ ઝી-તાલીમ રિસર્ચના સર્વેમાં ભાજપને ૭૦ પૈકી ૩૬ સીટ આપવામાં આવી રહી છે. જ્યારે બીજા બાજુ ન્યુઝ નેશને કહ્યું છે કે ભાજપને ૩૧-૩૫ સીટ અને એએપીને ૩૦-૩૪ બેઠકો મળી શકે છે. જોરદાર સ્પર્ધા રહી શકે છે . જો કે મુખ્યપ્રધાનપદના હોદ્દા માટે કેજરીવાલ કિરણ બેદી કરતા આગળ રહ્યા છે. કેજરીવાલને ૪૫ ટકા અને બેદીને ૩૩ ટકા લોકો પસંદ કરી રહ્યા છે. ઈન્ડિયા ટીવી-સી વોટરના પોલમાં એએપીને ૩૧ બેઠકો મળી રહી છે. જ્યારે કોંગ્રેસને માત્ર બે બેઠકો મળી રહીછે.જ્યારે વીક-આઈએમબીઆરમાં આગાહી કરાઈ છે કે એએપીને ૨૯ બેઠકો અને કોંગ્રેસને ચાર બેઠકો મળશે. ઝી-ટીઆરએફે કહ્યુ છે કે બાજપને ૩૨-૩૬ બેઠકો અને એએપીને ૩૦-૩૪ બેઠકો મળી શકે છે. કોગ્રેસ માટે ચાર બેઠકોની આગાહી કરવામાં આવી છે. બીજી બાજુ આઈબીએન-૭-ડેટા સર્વેમાં એએપીને ૨૭ બેઠકો આપવામાં આવી રહી છે. જ્યારે કોંગ્રેસને સાત સીટ મળી રહી છે. ન્યુઝ નેશને કહ્યું છે કે કોંગ્રેસને પાંચ કરતા વધારે સીટ મળશે નહી. એએપીના આંતરિક સર્વેમાં પાર્ટીને સ્પષ્ટ બહુમતિ મળી રહી છે.જેમાં એએપીને ૫૧ અને ભાજપને ૧૫ સીટ મળી રહી છે. ઈન્ડિયા ટુડેના સર્વેમાં કહેવામાં હતું કે એએપીને વધારે બેઠકો મળી શકે છે.

## તાઈવાન વિમાન દુર્ઘટનામાં મોતનો આંક વધી ૩૧ થયો

તાઈપેયી,તા. ૫

તાઈવાન વિમાની દુર્ઘટનામાં આજે મોતનો આંકડો વધીને ૩૧ ઉપર પહોંચી ગયો હતો. હજુ પણ ૧૨ લોકો લાપતા થયેલા છે. જેની શોધ ચાલી રહી છે. બચાવ અને રાહત કામગીરીમાં નિષ્ણાંત ટુકડીને બોલાવવામાં આવી છે. તાઈવાની ટ્રાન્સએશિયા એરવેઝનું વિમાન ઉંડાણ ભર્યા બાદ ટૂંકમાં જ નદીમાં ગરકાવ થઈ જતાં આ બનાવ બન્યો હતો. મોતનો આંકડો વધે તેવા સંકેત છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. મૃતાંક ૩૧ પહોંચ્યા બાદ બચાવ કામગીરીમાં સામેલ અધિકારીઓએ કહ્યું છે કે, હજુ પણ મૃતદેહ હાથ લાગી શકે છે. કારણ કે તમામને બચાવી શકાયા નથી. વિમાનનો કાટમાળ નદીના પાણીમાં ડુબી ગયો છે જેથી યાત્રીઓને બચાવવાની બાબત મુશ્કેલરુપ બની ગઈ હતી. ટ્રાન્સએશિયા એરવેઝનું વિમાન ફ્રેન્ચ બનાવટનું એટીઆર-૭૨ ટર્બોપ્રુફ વિમાન હતું જે પાટનગર શહેર તાઈપેઈથી કિનમેન તરફ જઈ રહ્યું હતું. સોંગસન વિમાની મથકથી સવારે સ્થાનિક સમય મુજબ ૧૦.૪૫ વાગે ઉંડાણ ભરી હતી અને ૧૦ મિનિટના ગાળા બાદ વિમાન ફ્લાઈટ કન્ટ્રોલર સાથેનો સંપર્ક ગુમાવી દીધો હતો અને આ વિમાન તાઈપેઈમાં કિલંગ નદીમાં તુટી પડ્યું હતું. સમાચાર સંસ્થાએ કહ્યું છે કે, નાનહુ બ્રિજ સાથે વિમાન અથડાયા બાદ તે નદીમાં તુટી પડ્યું હતું. પાયલોટે વિમાનને અંકુશમાં લેવાના પ્રયાસ કર્યા હતા પરંતુ વિમાનની પાંખો ટેક્સી સાથે અથડાઈ હતી.

ઘણી સમાચાર સંસ્થાઓ દાવો કર્યો છે કે, આ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતાં સગા સંબંધીઓમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. તાઈપેઈ ફાયર ડિપાર્ટમેન્ટ દ્વારા ૧૬ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. વિમાનમાં ૩૧ ચીની પ્રવાસી હતા. ટ્રાન્સ એશિયા દ્વારા યાત્રીઓની માફી માંગવામાં આવી છે.



## અબજોપતિ સંખ્યાના મામલે ભારત ટોપ ત્રણ દેશોમાં

નવી દિલ્હી,તા. ૫

વિશ્વમાં અબજપતિઓની સંખ્યાના મામલે હવે ભારત વિશ્વમાં ત્રીજા ક્રમાંકે પહોંચી ગયું છે. ભારતથી વધારે અબજોપતિ હવે માત્ર અમેરિકા અને ચીનમાં રહ્યા છે. ભારતે ઉલ્લેખનીય સફળતા મેળવી છે. ભારતે અબજોપતિની સંખ્યાના મામલે રશિયા અને બ્રિટનને પાછળ છોડી દેવામાં સફળ રહ્યું છે. હુરન ગ્લોબલ રિચ લિસ્ટ ઈન્ડિયા ૨૦૧૫માં ભારતના સૌથી અમીર વ્યક્તિ તરીકે ધારણા પ્રમાણે જ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ મુકેશ અંબાણી રહ્યા છે. ભારતની યાદીમાં ઓછામાં ઓચા ૬૦૦૦ કરોડની સંપત્તિ ધરાવનાર લોકોને જ સામેલ કરવામાં આવ્યા છે. અમીર લોકોની યાદીમાં મુકેશ અંબાણી પ્રથમ ક્રમાંકે છે. તેમની સંપત્તિ ૧.૨ લાખ કરોડની આસપાસ ચે. ત્યારબાદ યાદીમાં સન ફાર્માના દિલિપ સંઘવી છે. તેમની સંપત્તિ ૧.૦૨ લાખ કરોડ આંકવામા ંઆવી છે. જ્યારે ૯૬૦૦૦ કરોડની સંપત્તિ સાથે પાલોનજી મિસ્ત્રી અને તેમના પરિવારનુ ક્રમ છે. જ્યારે ટાટા સન્સ આ યાદીમાં ત્રીજા સ્થાન પર છે. પ્રથમ વખત ભારત અમીર લોકોની યાદીમાં ત્રીજા સ્થાને પહોંચી ગયું છે. વિશ્વમાં સૌથી વધારે અમીર લોકો અથવા તો અબજોપતિની સંખ્યા અમેરિકામાં છે જ્યારે ચીન બીજા ક્રમાંકે છે. અબજોપતિની યાદી હુરન ગ્લોબલ રિચ લિસ્ટના કોચી ઓફિસમાં તૈયાર કરવામા ંઆવી છે. ભારતે રશિયા અને બ્રિટનને પાછળ છોડી દેવામાં સફળતા મેળવી છે. દુનિયામાં કુલ ૨૦૮૯ અબજોપતિ છે જેમાં ભારતમાં તેની સંખ્યા ૯૭ જેટલી છે. વિપ્રોના અજીમ પ્રેમજીની સંપત્તિ ૮૪૦૦૦ કરોડની રહી છે. શિવ નડારની સંપત્તિ ૬૬૦૦૦ કરોડ રૂપિયા આંકવામાં આવી છે. આ યાદીમાં આદિત્ય બિરલા ગ્રુપના કુમાર બિરલાની સંપત્તિ ૬૦૦૦૦ કરોડ રહી છે. સુનિલ મિત્તલ અને તેમના પરિવારની સંપત્તિ ૬૦૦૦૦ કરોડ રહી છે. યાદીમાં ટોપટેનમાં અનિલ અંબાણી સ્થાન મેળવી શક્યા નથી.

### વિશ્વની સૌથી મોટી સ્કિમ બની ગઈ

## એલપીજી કેસ સબ્સિડી સ્કિમ સૌથી મોટી સ્કિમ

મુંબઈ,તા. ૫

૧૦ કરોડથી વધુ એલપીજી ગ્રાહકો બેંક ખાતામાં રોકડ સબ્સિડી મેળવવા માટેની મહત્વકાંક્ષી સ્કિમમાં સામેલ થઈ ગયા છે. માર્કેટ કિંમતે એલપીજી ગેસ સિલિન્ડરની ખરીદી કરીને બેંક ખાતાઓમાં સબ્સિડી મેળવવાની સ્કિમમાં જોડાઈ ગયા છે. આની સાથે જ ભારતની એલપીજી કેસ સબ્સિડી સ્કિમ વિશ્વની સૌથી મોટી કેસ ટ્રાંસફર સ્કિમ બની ગઈ છે. બ્લેક માર્કેટિંગનો અંત લાવવાના હેતુસર આ સ્કિમ શરૂ કરાઈ હતી. વડાપ્રધાન મોદીએ માત્ર બે મહિનાના ગાળામાં જ આ ઐતિહાસિક સિદ્ધી હાંસલ કરવા બદલ લાભ મેળવનાર લોકો અને અધિકારીઓને અભિનંદન આપ્યા છે. તેમણે કહ્યું છે કે, આનાથી બ્લેક માર્કેટિંગનો અંત આવશે અને સબ્સિડી વધુ અસરકારક રીતે લોકો સુધી પહોંચશે. દેશના નિર્માણમાં આ બાબત મહત્વપૂર્ણ સાબિત થશે. તેમણે ટ્વીટર પર કહ્યું છે કે, ખૂબ જ ખુશીની બાબત છે કે ૧૦ કરોડ લોકો આમાં જોડાઈ ગયા છે. આ સ્કીમ હેઠળ એલપીજી સિલિન્ડર ખરીદવાની સ્થિતિમાં ગ્રાહકોને સબ્સિડી મળે છે. તેમના બેંક ખાતામાં ૫૫૮ રૂપિયા જમા થાય છે. જેથી તેઓ એલપીજી ગેસ સિલિન્ડર ૬૦૫ રૂપિયામાં ખરીદી શકે છે.

### રેલવે બજેટમાં જાહેરાત કરાય તેવી શક્યતા

## અંડરગ્રાઉન્ડ રેલવે સ્ટેશનો બનાવવાની નવી હિલચાલ

નવી દિલ્હી,તા. ૫

રેલવે બજેટની તૈયારીમાં રેલવે પ્રધાન સુરેશ પ્રભુ વ્યસ્ત બનેલા છે ત્યારે એવા અહેવાલ મળી રહ્યા છે કે હવે મેટ્રોની જેમ જ ભારતીય રેલવે અન્ય કેટલાક સ્ટેશનને પણ અંડરગ્રાઉન્ડ બનાવી શકે છે. આ વખતે રેલવે બજેટમાં રેલવે પ્રધાન આ પ્રકારના સ્ટેશન બનાવવાની જાહેરાત કરી શકે છે. સ્ટેશન બનાવવા પાછળ કેટલાક હેતુ રહેલા છે. હેતુ એ પણ છે કે અંડરગ્રાઉન્ડ સ્ટેશન બનાવનાર કંપનીને જ જમીન અને તેના પર નિર્માણ કરીને બિલ્ડિંગ બનાવવાની તક મળી શકે છે. ભારતીય રેલવેના સુત્રોએ કહ્યુ છે કે રેલવે પ્રધાન સુરેશ પ્રભુને આ મામલે વિસ્તૃત માહિતી આપી દેવામાં આવી છે. એટલુ જ નહી બલ્કે એમ પણ કહેવામાં આવ્યુ છે કે કઈ રીતે શિકાગો અને સિંગાપોરમાં સ્ટેશન બનાવવામાં આવ્યા છે. આ સ્ટેશન પર બિલ્ડિંગ બનાવીને તેમના વાણિજ્ય ઉપયોગ અંગે પણ પ્રભુને માહિતી આપવામાં આવી છે. આ જ કારણસર રેલવે દ્વારા તેના પર વિચારણા કરવામાં આવી રહી છે. રેલવે લાઈન અંડરગ્રાઉન્ડ ભલે ન બનેવ પરંતુ સ્ટેશનને અંડરગ્રાઉન્ડ બનાવી શકાય છે. રેલવેના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે જો આવુ થશે તો આનાથી રેલવેને આધુનિક રેલવે સ્ટેશન મળી જસે. સ્ટેશન બનાવનાર કંપનીને જમીન મળી જશે જેના પર તે મલ્ટીસ્ટોરી ઈમારત બનાવીને તેને ભાડા પટ્ટા પર આપી શકે છે. બદલામાં આ કંપની રેલવેને નિયમિતરીતે કેટલીક રકમ આપશે. આનાતી માત્ર રેલવેને જ નહી બલ્કે મુડીરોકાણકારોને પણ સીધો ફાયદો થશે. શિકાગો અને સિંગાપોરની મદદ આના માટે લેવામાં આવે તેવી શક્યતા છે. એવી પણ શક્યતા છે કે ત્યાના જ રોકાણકારો આવીને રેલવેમાં આ પ્રકારના મુડીરોકાણ કરે. રેલવેને સ્ટેશન બનાવવા માટે જંગી ખર્ચ કરવાની જરૂર રહેશે નહી. જમીન પર તેની પાસે જ રહેશે. સુરેશ પ્રભુ આ પ્રકારના રેલવે સ્ટેશન બનાવવા અંગે અભ્યાસ કરવાની જાહેરાત કરી શકે છે.

## સમાચાર ઝલક

- જામનગરના લખોટા તળાવને નર્મદાના નીરથી છલકાવાશે.
- વડોદરામાં દંપતી મારફતે ચલાવાતા સેક્સ રેકેટનો પર્દાફાશ. ૧૧ની ધરપકડ.
- સૌરાષ્ટ્રમાં આજથી ખેડૂત આંદોલનો-સંમેલનો યોજાશે.
- રાજકોટમાં અમદાવાદથી વરરાજા સાથે બાઈકો પર જાન અમદાવાદથી આવી.
- ગુજરાતમાં ૮ લાખ હેક્ટરમાં રવિપાક. વાવેતરમાં ઘટાડો.
- ગુજરાતમાં ૩૦ ટકા ઘોડાઓની વસ્તીમાં વધારો.
- ચોરવાડમાં અંબાણી પરિવાર દ્વારા અતિરૂદ્ર યજ્ઞ.
- ગુજરાતમાં વીજ ગ્રાહકો પર ફ્યુલ સરચાર્જ વધારાયો.
- પુર્વ પોલીસ વડા શ્રી પી.સી. પાંડે સામેના આરોપો ફગાવતી કોર્ટ.
- તા. ૨૫મી ફેબ્રુઆરીથી બેંકોની દેશવ્યાપી હડતાળ. આમ જનતામાં ભારે આક્રોશ.
- સરકારની કુનેહથી ૮૦૦૦૦ કરોડની રાજકીય ખાધ બચાવી.
- બેંકમાં હવે ફીક્સ થાપણ પર વધુ વ્યાજ આપવા રીઝર્વ બેંકની મંજુરી.
- ભેળપુરીની કમાણીમાં હલ્દીરામ કંપની મોખરે.
- ઝારખંડમાં ૭ની હત્યા કરતા માઓવાદીઓ.

### મિલન (પાના નં. ૪ નું ચાલુ)

‘કશું જ ભળાવ્યું નથી. બોબનું ગળું દબાવી એને ભગવાનને ધામ પહોંચાડી તને હકીકત જણાવવા આવી છે.’ ડેડીને પહેલાંની જેમ વાત કરતાં જોઈ એને આનંદ થયો.

એ કેલીના બે હાથ પકડી બોલી, ‘બોલ ડીયર, કેલી શું હકીકત છે?’

‘બહેન, બોબ તારે લાયક નહોતો. એ નફ્ફટ હતો. એક વાર મેં નાયગરામાં કોઈ છોકરી સાથે ચેનચાળા કરતાં જોયો હતો. એ પછી એક દિવસ તારી અને ડેડીની ગેરહાજરીમાં આપણે ઘેર આવેલો. મને એકલી જોઈ મારી લાજ લૂંટવા પ્રયાસ કરેલો. આવા નફ્ફટના પંજામાંથી તને બચાવવા પ્રેમનું નાટક કરી એની સાથે મોન્ટ્રિયલ ભાગી ગઈ હતી. ખૂબ પ્રેમ પાથરવા પ્રયાસ કર્યો. પણ છોકરીઓના લફરાની એની ટેવ સુધરી નહીં. એને એક છોકરી સાથે રંગે હાથે પકડી એનું ગળું દબાવી ભગવાનને ધામ પહોંચાડી તને એ લંપટથી બચાવી લેવાના સારા સમાચાર આપવા આવી હતી. તું ઘેર નહોતી એટલે ડેડીને લઈ એકાંતમાં હકીકત જણાવવા આ મંદિરે લાવી હતી. ડેડી હકીકત જાણી એનું ગળું દબાવી ભગવાનને ધામ એને પહોંચાડવા ઉકળ્યા હતા. પણ મેં એ પગલું ભર્યાની વાત એમને શાંત કર્યા અને ત્યાં તો તમે લોકો આવી પહોંચ્યા! સોરી બહેન મારા અવિચારી પગલા માટે!’ કહી રડવા લાગી.

‘બહેન, તે તો મને નરકમાંથી બચાવી લીધી અને ડેડીને નવજીવન બક્ષવાનો મને આનંદ અને ગર્વ છે! ચાલો ડેડી અને બહેન એક નવા જીવનનો આનંદ માણીશું.’

સનાતન ચકિત બની મલકાતા હતા એમની સામે જોઈ ડેબી બોલી, ‘થેન્ક્સ સર! તમારાં શુભ પગલાંએ આજ અમારા જીવનને ધન્ય બનાવ્યું છે!’

## કેજરીવાલ, બેદી અને માકન દ્વારા દિલ્હીમાં આક્રમક ચુંટણી પ્રચાર

નવી દિલ્હી,તા. ૫

દિલ્હીમાં વિધાનસભાની ચુંટણી માટે પ્રચારનો આજે અંત આવી ગયો હતો. જુદા-જુદા ઓપીનિયન પોલ સૂચવે છે કે, ભાજપ અને એએપી વચ્ચે જોરદાર સ્પર્ધા થનાર છે. કોંગ્રેસ ત્રીજા સ્થાન પર છે. આજે પ્રચારના છેલ્લા દિવસે પત્રકારો સાથે વાતચીત કરતાં ભાજપના મુખ્યમંત્રી પદના ઉમેદવાર કિરણ બેદીએ કહ્યું હતું કે, વિધાનસભાની ચુંટણી માટેની જોરદાર તૈયારી કરવામાં આવી હતી. જો તેમની પાર્ટી સત્તા પર આવશે તો ગુડ ગવર્નન્સ માટે તમામ પગલા લેશે. પોતાની જીતની ખાતરી કરવા ભાજપ પ્રમુખ અમિત શાહ દ્વારા તમામ પ્રયાસ કરવામાં આવી ચુક્યા છે. કોઈ તક છોડી નથી. અભૂતપૂર્વ સફળતા હાંસલ કરવા માટે પાર્ટીએ લગભગ તમામ કેન્દ્રીય પ્રધાનો અને ૧૦૦થી વધુ સાંસદોને મેદાનમાં ઉતાર્યા હતા. કિરણ બેદીને લઈ આંતરીક અસંતોષના લીધે પણ પક્ષને નુકશાન થવાની દહેશત દેખાઈ રહી છે. પક્ષના દિલ્હી એકમમાં કિરણ બેદીને મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે જાહેર કરાયા બાદ કેટલાક કાર્યકરો નાખુશ હતા અને પક્ષના હિતોની વિરુદ્ધમાં કામ કરી ચુક્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે પણ આક્રમક ચુંટણી પ્રચારમાં રહ્યા છે. તેઓએ ચાર રેલીઓ કરી હતી. જેમાં દિલ્હીને વર્લ્ડક્લાસ સીટી બનાવવાની વાત કરવામાં આવી હતી. બીજીબાજુ આપ દિલ્હીમાં જીત માટે આશાવાદી છે. અરવિંદ કેજરીવાલ સતત આક્રમક પ્રચાર કરી રહ્યા છે અને ભ્રષ્ટાચાર મુક્ત સરકારની વાત કરી રહ્યા છે. એએપીએ આજે નાણાં આપી મત ખરીદવાનો ભાજપ પર આક્ષેપ કર્યો હતો. કેજરીવાલે કહ્યું હતુ કે, વિવિધ ફરીયાદો મળી રહી છે. એવી માહિતી પણ મળી છે કે ભાજપે નાણાં, શરાબ અને નોન વેજીટેરીયન ફુડનું વિતરણ કર્યું છે. ગરીબોના વોટર ઓળખપત્રો પણ મેળવી લીધા છે. પત્રકારો સાથે વાતચીત કરતાં તેમણે કહ્યું હતુ કે, અમારે પાસે માહિતી છે કે, એએપીની વિરુદ્ધમાં મતદાન કરવા કહેવામાં આવ્યું છે. બીજી બાજુ કોંગ્રેસ માટે આજે રાહુલ ગાંધીએ ફરી સુલ્તાનપુરમાં રોડ શોનું આયોજન કર્યું હતું. કોંગ્રેસના પ્રચાર વડા અજય માકને ગ્રેટર કૈલાસમાં ચુંટણી પ્રચાર રેલી યોજી હતી. પાર્ટીની જીત માટે પ્રયાસો કર્યા હતા. માકને કહ્યું હતું કે, લોકોએ અમને મત આપ્યા નથી પરંતુ હવે લોકો વાસ્તવિક્તા સમજી ગયા છે અને પાર્ટીને સારી સફળતા મળશે.